# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-11-2025 Day: Tuesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## રાષ્ટ્રીય જળ પુરસ્કાર:

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂના હસ્તે આજે ગુજરાતને સર્વશ્રેષ્ઠ રાજ્ય શ્રેણીમાં બીજા ક્રમાંકનો રાષ્ટ્રીય જળ પુરસ્કાર એનાયત કરાયો. નવી દિલ્હીમાં છઠ્ઠા રાષ્ટ્રીય જળ પુરસ્કાર 2024 અને પ્રથમ જળસંચય જનભાગીદારી પુરસ્કાર એનાયત કરતાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ જળની ઉપલબ્ધતા અને સુરક્ષા સુનિશ્ચિત કરવા તમામને સાથે મળીને કામ કરવા આગ્રહ કર્યો. તેમણે આબોહવા પરિવર્તન આજના સમયમાં જળચક્રને અસર કરી રહ્યું હોવાનું પણ જણાવ્યું હતું.

----------------------------------------------------------------------------------------------------------

## એકતા પદયાત્રા ભુજ :

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે આયોજિત રાષ્ટ્રવ્યાપી જન અભિયાન અંતર્ગત એકતા પદયાત્રાનું વિવિધ સ્થળોએ આયોજન કરાયૂ છે. જેના ભાગરૂપે આજે ભુજમાં એકતા પદયાત્રા યોજાઇ હતી.

ભુજના ધારાસભ્ય કેશુભાઇ પટેલ અને જીલ્લા કલેક્ટર આનંદ પટેલ તેમજ અગ્રણીઓએ લીલીઝંડી આપી પદયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પદયાત્રા એમ.વી.એસ સ્કૂલ, માધાપરથી શરૂ થઈ જયુબિલી સર્કલ ગ્રાઉન્ડ ભુજ ખાતે પહોંચી હતી.

આગેવાનો, મહિલાઓ, બાળાઓ દ્વારા વિવિધ જગ્યાઓએ પદયાત્રાનું ફૂલો અર્પણ કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વર્ષ ૧૯૭૧ના યુદ્ધમાં પોતાનો સહયોગ આપનાર વીરાંગનાએ પણ હાજરી આપી સરદાર પટેલને શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. એકતાયાત્રાના

સમાપન સ્થળ જ્યુબિલિ ગ્રાઉન્ડ ખાતે સ્વદેશી અને આત્મનિર્ભર ભારતના શપથ લેવામાં આવ્યા હતાં. એકતા પદયાત્રામાં સામેલ થયેલ વિદ્યાર્થીઓએ આ પ્રમાણે જણાવ્યું હતું.

(બાઇટો)

---

## કચ્છમાં એકતા પદયાત્રાનો કાર્યક્રમ:

એકતા પદયાત્રા અંતર્ગત આવતીકાલે ૧૯ નવેમ્બરના ગાંધીધામ વિસ્તારની એકતા યાત્રા બપોરે ૩.૦૦ વાગ્યે ઝંડાચોક (મહારાવ ચોક) આદિપુરથી નીકળીને સરદાર વલ્લભાઈ પટેલની પ્રતીમા, ગાંધીધામ સુધી યોજાશે. ૨૦ નવેમ્બરના માંડવી વિધાનસભા વિસ્તારની એકતા યાત્રા આશાપુર મંદિર પ્રાગપરથી નીકળીને ન્યૂ મુંદરા ખાતે પહોંચશે. ૨૦ નવેમ્બરના રોજ અંજાર વિધાનસભાની એકતા યાત્રા નાની નાગલપરથી નીકળીને અંજાર શહેર ટાઉનહોલ પહોંચશે. અને ૨૨ નવેમ્બરના રોજ રાપર વિસ્તારની એકતા યાત્રા કલ્યાણપર ગામથી શરૂ થઈને સ્વામીનારાયણ મંદિર રાપર પહોંચશે.

---

## રસ્તાઓનું સમારકામ:

રાજ્યમાં રસ્તાના સમારકામની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે  ત્યારે મુન્દ્રા તાલુકાના લુણીથી હમીરામોરા માર્ગનું માર્ગ અને મકાન પંચાયત પેટા વિભાગ મુન્દ્રા દ્વારા નવીનીકરણ શરૂ કરવામાં આવ્યું છે.

લુણીથી હમીરામોરા ગામને જોડતો ૫.૨ કિ.મી. લાંબા માર્ગના નવીનીકરણ માટે ખેડૂતો અને ગ્રામજનો દ્વારા માંગણી કરવામાં આવી હતી. આ બાબતે માંડવીના ધારાસભ્ય અનિરૂધ્ધભાઇ દવેએ સરકારમાં રજૂઆત કરતા આ માર્ગના નવીનીકરણ માટે 2 કરોડ 10 લાખ જેટલી રકમ મંજૂર કરવામાં આવી હતી.

---

## ઘોડેસવારી સ્પર્ધા:

અંજારના ચાંદ્રાણી ખાતે કચ્છ જીલ્લા ઘોડેસવાર ફેડરેશનના ઉપક્રમે ઘોડેસવારી સ્પર્ધા યોજાઈ હતી. જેમાં ૨૦ કિલોમીટર અને ૪૦ કિલોમીટર એમ બે કેટેગરીમાં યોજાયેલી સ્પર્ધામાં ભુજ પોલીસદળ, કચ્છ કાઠીયાવાડ અને મુંબઈના ઘોડેસવારોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ઉપસ્થિત સભ્યોએ કચ્છના અશ્વોની શારીરિક સજ્જતા આંતરરાષ્ટ્રીય સ્પર્ધાના માપદંડ સમાન હોવાનું જણાવ્યું હતું.

જાણીતા રાષ્ટ્રીય ઘોડેસવારો દ્વારા અશ્વ માલિકોને ઘોડાની માવજત, ટ્રેનીંગ અને ખોરાક અંગે માર્ગદર્શન અપાયું હતું.

---

## હવામાન:

જિલ્લામાં ઠંડીએ પોતાની પકડ વધુ મજબૂત કરી છે. ઉત્તર ભારતમાં થયેલા વાતાવરણીય બદલાવની અસર હેઠળ  સરહદી કચ્છ જિલ્લામાં ઠાર વધ્યો છે. ઉતરાદા શીત પવનના કારણે લઘુત્તમ તાપમાનમાં ઘટાડાનો દોર યથાવત રહ્યો છે. નલિયામાં લઘુત્તમ તાપમાન આજે ગઇકાલની સરખામણીએ સમાન્ય ઘટાડા સાથે 10.5 ડિગ્રી નોંધાયૂ હતું જ્યારે મહત્તમ તાપમાન 33 ડિગ્રી રહેતા વાતાવરણમાં વિષમતા અનુભવાઇ હતી. મોડી સાંજથી સવાર સુધી વ્યાપક ઠાર બાદ દિવસે વાતાવરણ ગરમ હુંફાળું રહય્ હતું. જિલ્લામથક ભુજમાં લઘુત્તમ તાપમાન 13.3 ડિગ્રી નોંધાયું છે.

---